સશિ૫/ફેબ્રુ.૦૪/૩૧૦

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# સત્સંગ પ્રાજ્ઞ : પ્રથમ ખંડ

## પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૨] રવિવાર, ૨૯ ફેબ્રુઆરી, ૨૦૦૪ કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

પ્ર.૧. (અ) **નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** ૨૧

૧. આત્મનિષ્ઠા આદિક જે ચાર ગુણ તેમને એકબીજાની અપેક્ષા છે.
૨. યથાર્થ ભગવાનના ભક્ત છે તેનું દર્શન તો ભગવાનનાં દર્શન તુલ્ય છે.
૩. ડગલાનું દૃષ્ટાંત અને સિદ્ધાંત સમજાવો.
૪. દારૂનો ઢગલો અને અગ્નિનો તણખો દૃષ્ટાંત-સિદ્ધાંત સમજાવો.
૫. ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર બિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.

(બ) **નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. પાંચ ઇન્દ્રિયો દ્વારે .................. અંતઃકરણ નથી.
૨. જે એકાંતિક ભક્ત .................. સેવામાં રહે છે.
૩. આત્મનિષ્ઠ તો હોય .................. ભક્ત નથી પામતો.
૪. અને થોથાની પેઠે .................. દઢ મન કરીને રહેવું.
૫. જેને પંચવર્તમાનમાં કોઈ .................. સહેજે જ હેત થાય છે.

(ક) **નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર અભ્યાસક્રમના 'વચનામૃત'નો ક્રમાંક નોંધી બે અવતરણો લખો :** ૪

૧. અજ્ઞાની ૨. કર્તા

**('સ્વામીની વાતો'ના આધારે)**

પ્ર.૨. (અ) **નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૫

૧. ગાયના દૃષ્ટાંતે મહારાજનું સુખ ક્યાંથી આવે ?





૨. મહારાજ તો ગારૂડીને ઠેકાણે છે તો તેમની આગળ કોણ હાથ જોડીને ઊભા છે ?
૩. સત્સંગ જાળવવો કઠણ છે તે કોણ જાળવે ?
૪. પાંચ પ્રકારની ગ્રંથિઓનાં નામ આપો.
૫. બુદ્ધિયોગ તે શું છે?

(બ) **કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધી ખાલી જગા પૂરો.** ૫

૧. ............................ વચનામૃત વંચાવીને કહ્યું જે, 'આવો થાય ત્યારે પુરુષોત્તમની સેવામાં રહેવાય.' (ગ.અં.૧૧, વર.૧૧, અમ.૧૧, સા.૧૧)
૨. આવા સાધુને ................................ જાણીને મન, કર્મ, વચને સંગ કરે તે બ્રહ્મરૂપ થાય છે. (પરમ એકાંતિક, બ્રહ્મરૂપ, નિર્દોષ)
૩. મોટા સાધુની સમજણમાં તો મહારાજની મૂર્તિ વિના પ્રકૃતિ પુરુષ સુધી ................................ છે. (માયા, ઢૂંસાં, અંધકાર)
૪. ................................ માં ભંગ પડશે, ત્યારે આવા સાધુ પાસે નહિ બેસાય. (સુહૃદભાવ, આજ્ઞા-ઉપાસના, ધર્મ)
૫. ............................ બહુ જ કઠણ છે. (ધ્યાન કરવું, મોટા સંતનો અભિપ્રાય સમજવો, મન જીતવું)

(ક) **નીચેનામાંથી કોઈપણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો** ૧૦

૧. અક્ષરધામની સર્વોપરિતા
૨. ગુણાતીતાનંદ સ્વામીએ સ્વમુખે કહેલ મહિમા
૩. મનુષ્ય તો લીમડી કે નીચે દેખ્યા હૈ.

**('બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' વિસ્તૃત જીવનચરિત્રના આધારે)**

પ્ર.૩. (અ) **નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. ભગતજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજની પરસ્પર પ્રીતિ
૨. અક્ષરબ્રહ્મના ઉદ્‌ઘોષ માટે ભગતજી મહારાજે સહન કરેલી ઉપાધિઓ
૩. વાંસદાના દિવાનને જ્ઞાનોપદેશ

(બ) **નીચેનામાંથી કોઈપણ બે વિષય પર નોંધ લખો.** ૨૦

૧. ભગતજી અને રંગાચાર્ય
૨. ભગતજી મહારાજની બાળલીલા
૩. ભગતજી મહારાજને સાક્ષાત્કાર
૪. ગુણાતીતાનંદ સ્વામીએ રાખેલો ભગતજીનો પક્ષ